પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

## -: જાહેરનામુ :-

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:**

**ક્રમાંક:એસ.બી./નવરાત્રી ઉત્સવ મુર્તિ વિસર્જન / ૧૮૯ /૨૦૨૪**

ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવ નિમિતે તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ શ્રી દુર્ગા માતાજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને મા દુર્ગાની મુર્તિઓના વિસર્જન તા.૧૨/૧૦/૨૦૨૪ ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખના દિવસો દરમ્યાન સમગ્ર શહેરમાં નવરાત્રી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ઉત્સવ દરમ્યાન લોકો મા દુર્ગાની મુર્તિની સ્થાપના કરી નવ દિવસ સુધી પુજા અર્ચના કરી બાદ માં દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન શહેરના તાપી નદીના જુદા-જુદા ઓવારા ખાતે કરતા હોય છે. તે દરમ્યાન પર્યાવરણની જાળવણી થાય જળ સ્ત્રોતોમાં પ્રદૂષણ અટકે જળ સુષ્ટી પર વિપરીત અસર ન થાય અને જાહેર જનતામાં આરોગ્યને હાની ન પહોંચે તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેંન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા તેમજ ઉચ્ચ ન્યાયાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇન ને ધ્યાને લઇ માં દુર્ગાની મુર્તિઓના વિસર્જન માટે સુરત શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વીકાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સુરત શહેરની જનતાની શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

**-:: હુ ક મ ::-**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

(૧) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓ બેઠક સહીતની “૪” ફૂટ કરતા વધારે ઊંચાઇની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર.

(૨) શ્રી દુર્ગા માતાજીની પી.ઓ.પી.ની મુર્તિઓ બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર.

(૩) S.M.C. દ્વારા શ્રી દુર્ગા માતાજીની મુર્તિઓના વિસર્જન માટે નિયત કરવામાં આવનાર સ્વીકાર કેન્દ્રો સિવાયના અન્ય કુદરતી સ્થળે મુર્તિઓના વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યાની આજુબાજુ કોઇ પ્રકારની ગંદકી કરવા કે કોઇ પણ પ્રકારની મુર્તિ રોડ ઉપર જાહેરમાં ખૂલ્લી રાખવા ઉપર.

(૫) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વધેલી તથા ખંડીત મુર્તિઓને બિન-વારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઇ પણ ધર્મના લોકોની લાગની દુભાય એવા કોઇ ચિંન્હો,કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા, તથા વેચવા ઉપર.

(૭) શ્રી દુર્ગા માતાજીની મુર્તિઓના વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર

(૮) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

(૯) મુર્તિઓની બનાવટમાં પાણીમા સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર

(૧૦) કોઇ પણ આયોજક/ વ્યક્તિ પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા કુદરતી જળ સ્ત્રોત જેવા કે, તળાવ કુવા, નદી, નહેર વગેરે જેવી જગ્યાએ મા દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન કરી શકશે નહીં.

(૧૧)મુર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ/ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઠરાવેલ પદ્ધતિ સિવાયની કોઇ પણ પધ્ધતિથી મુર્તિ વિસર્જન કરી શકશે નહીં.

અધિક મુખ્ય સચિવ શ્રી વન અને પર્યાવરણ વિભાગ , ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નંબર ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તારીખ ૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ ) તરફથી દરીયા, નદી, તળાવ, નહેરના પાણી તથા પર્યાવરણમાં થતા

પ્રદુષણને અટકાવવા આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તારીખ ૦૯/૦૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ટ્રીબ્યુનલ સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તારીખ ૧૮/૦૮/૨૦૧૫ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: <u>પ્રતિબંધિત અમલવારીનો સમય તથા વિસ્તાર</u> ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **<u>તા.03/૧૦/૨૦૨૪ ના કલાક.-00/00 થી તારીખ: ૧૨/૧૦/૨૦૨૪ ના કલાક.-૨૪/00</u>** આ હુકમનો અમલ કરવાનો રહેશે.

## <u>:: શિક્ષા ::</u>

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: <u>જાહેર વિજ્ઞપ્તિ</u> ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું.કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ : ૦૧/૧૦/૨૦૨૪ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧ તથા ટ્રાફીક
(૨)અધિક પોલીસ કમિશનર સેક્ટર-૨ અને ક્રાઇમ, સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(૭) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર માં પ્રસિધ્ધ કરવા સારૂ.)